Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# સાપ્રંત સમયમાં ગાંધીજીના કેળવણી અંગેના વિચારો વચ્ચેનો સબંધ

**ડો. ફહમીદા એફ શેખ**
ગુજરાત આર્ટસ & સાયન્સ
કોલેજ, અમદાવાદ

**ડો. રાજેશ્વરી એમ પટેલ**
ગુજરાત આર્ટસ & સાયન્સ
કોલેજ, અમદાવાદ

## પ્રસ્તાવના

ખરું શિક્ષણ તેને જ કહેવાય કે જે 17 કે 18 વર્ષની ઉંમરે કોલેજ કક્ષાએ આપવામાં આવે છે. શાળામાં જે શિક્ષણ આપવામાં આવે છે તે ઉપયોગી વિદ્યાર્થીને બને તેવું આપવું જોઈએ જેથી વિદ્યાર્થી જીવનના અમૂલ્ય રત્ન પ્રાપ્ત કરી શકે ઘણીવાર વિદ્યાર્થી સાચું શિક્ષણ પ્રાપ્ત કરવામાં મુશ્કેલી અનુભવતો હોય છે. ઉદાહરણ તરીકે ભારતનો વિદ્યાર્થી ઇંગ્લેન્ડની ભૂગોળ સારી રીતે જાણતો હોય છે. પરંતુ તેને પોતાના દેશના ભૂગોળનું પૂરતું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેને જો ભારતનું ઇતિહાસ જ્ઞાન આપવામાં આવે તો તે ઘણું જ વિકૃત લાગે છે. કેળવણી પ્રાપ્ત કરવાનો તેમનો ઉદ્દેશ સરકારી નોકરી મેળવવાનું હોય છે આજથી સો વર્ષ પહેલા અને આજે પણ સરખામણી કરવામાં આવે તો સરકારી નોકરી મેળવવાની ઘેલછા માં કોઈ ઘટાડો થયો નથી અલ્હાબાદમાં આવેલા મુનશીરામ પ્રસાદના વિશાળ બાગમાં એક જાહેર સભામાં વ્યાખ્યાન આપતા ગાંધીજીએ ઉપરોક્ત શબ્દો કહ્યા હતા? ગાંધીજી જ્યારે બોલવા ઉભા થયા ત્યારે તેમને જોરદાર તાળીઓથી વધાવવામાં આવ્યા હતા. પંડિત મદનમોહન માલવયા ના પ્રમુખ સ્થાને મળેલી આ સભામાં પ્રાચીન અને અર્વાચીન કેળવણી વિશે ભાષણ આપવાની શરૂઆત હિંદમાં કરી હતી. सा विद्या विमुक्तये। જે મુક્તિને માટે લાયક કરે તે વિદ્યા બાકી બધી અવિદ્યા આથી જે ચિત્તની શુદ્ધિ ન કરે મન અને ઇન્દ્રિયોને વંશ રાખતા ન શીખવે નિર્ભયતા અને સ્વાશ્રયીત્વ પેદા ન કરી લેવાનું સાધન ન બતાવી અને ગુલામીમાંથી છૂટવાનું અને છૂટેલા રહેવાની ધગશ અને શક્તિ નો ઉપજાવી તે કેળવણીમાં ગમે તેટલો માહિતીનું ખજાનો તાર્કિક કુશળતા અને ભાષા પાંડિત્વ રહ્યા હોય છતાં એ કેળવણી નથી અથવા અધૂરી કેળવણી છે.

ગાંધીજીએ પોતાના જીવન અને વિચારની પ્રેરણા માટે પૂર્વ પશ્ચિમ કે પ્રાચીન અર્વાચીનના ભેદ રાખ્યા નહોતા વ્યક્તિ કે સમાજ માટે શ્રેયસકર એવો કોઈ પણ વિચાર પછી એ પૂર્વનો હોય કે પશ્ચિમનો હોય પ્રાચીન હોય કે અર્વાચીન હોય એનો લાભ ઉઠાવતા કોઈ એમને અટકાવી શકે તેમ નહોતું. એમના કેળવણી વિચારોના ઘડતરમાં રસ્કિન અને ટોલ્સટોયના ગ્રંથોની અસર હતી એ હકીકત હોવા છતાં એમના ઘણા ખરા વિચારોની જેમ એમના શિક્ષણ વિશે એક વિચારોના મૂળ પ્રાચીન ભારતીય શૈક્ષણિક

પરંપરામાં રહેલા હોય એમ લાગે છે. એટલે ગાંધીજીના કેળવણી વિચારોને યથાર્થ રીતે સમજવા હોય તો પ્રાચીન ભારતીય શિક્ષણ પરંપરા કેવી હતી? ભારતમાં અંગ્રેજ શાસન દરમિયાન એ પરંપરા રહ્યા મૂલ્યો કઈ રીતે તૂટ્યા? અને દેશની પ્રવર્તમાન શૈક્ષણિક સમસ્યાઓના ઉકેલ અર્થે ગાંધીજીએ પરંપરાગત મૂલ્યોને પ્રયોગો દ્વારા કેવી રીતે પૂર્ણજીવીત કર્યા? તેના વિશે સમજવું ઘણું જરૂરી છે. પ્રાચીન ભારતીય શિક્ષણ પરંપરામાં શિક્ષણનું પ્રદાન ધ્યેય ચરિત્ર ઘડતર હતું. ગુરુકુળમાં ગુરુઓ વિદ્યાર્થીઓને શાસ્ત્ર જ્ઞાનની સાથે ચારિત્રની તાલીમ પણ આપતા હતા. 12 વર્ષથી તાલીમને અંતે વિદ્યાર્થી વ્રત સ્નાતક અને વિદ્યાથીને અનુસ્નાતક એમ બે પ્રકારની પદવી અપાતી વિદ્યાર્થી શાસ્ત્ર જ્ઞાનમાં ગમે તેટલો પારંગત હોય પણ જો એના ચારિત્ર એક ખામી રહી ગઈ હોય તો એમને બદલી રોકવામાં આવતી હતી. એને માટે ઉપનિષદોમાં ઉપકોસલનું દ્રષ્ટાંત જાણીતું છે તે વેદ વેદાંગમાં પારંગત થતો પણ આચરણની કચાસને કારણે સમાવર્તન સંસ્કાર વખતે એને પદવી અપાયી નહોતી ઉપકોસલે આત્મનિરીક્ષણ કર્યું એને પોતાની ચારિત્રિક ખામી દેખયી અને પોતાની ખામી એણે તપસ્યા પૂર્વક દૂર કરી ગુરુ પ્રસન્ન થયા અને એને પદવી આપી આશીર્વાદ સાથે વિદાય આપી.

આમ કઈ કેળવણી દ્વારા વિદ્યાર્થીને પોતાનું લક્ષ્ય ને પ્રાપ્ત કરવું હોય તો કેળવણી ના ઉદેશોને પ્રાપ્ત કરવા જોઈએ.

1. <u>પાયાની કેળવણી</u>

કેળવણી એટલે બાળકે મનુષ્યના શરીર મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનું સર્વાંગી વિકાસ સાંધીને તેને બહાર લાવવા અક્ષર જ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી તેમ તેનું પ્રારંભ આરંભ પણ નથી એ તો સ્ત્રી અને પુરુષને કેળવણી આપવાનું એક સાધન માત્ર છે. અક્ષરજ્ઞાન એ સ્વતંત્રપણે કઈ કેળવણી નથી એટલે કે બાળકને કેળવણીનો આરંભ તેને કંઈક ઉપયોગી ગીત હાથ ઉદ્યોગ શીખવી કેળવણીનો આરંભ થાય તે શ્રેણીથી એને કંઈક નવું સર્જન કરવાનું શીખવીને જ કરવું જોઈએ. આ રીતે દરેક નિશાળ સ્વાવલંબી થઈ શકે માત્ર શરત એ છે કે નિશાળે તૈયાર કરેલી ચીજો રાજ્ય ખરીદી લેવી જોઈએ.

બુનિયાદી કેળવણીનો સામાન્ય પણે એવો અર્થ કરવામાં આવે છે કે હાથ કામનું કોઈક ઉન્નર મારફતે કેળવણી આપવી પણ એ તો એનો અમુક અંશ પૂરતો જ થયો નહીં. તાલીમના મૂળ એથી એ વધારે ઊંડા જાય છે એનો પાયો છે સત્ય અને અહિંસા વ્યક્તિગત સામાજિક બંને જીવનનો પણ એ જ પાયો છે મુક્તિ આપે તે જ ખરી વિદ્યા. સાવિદ્યા યા વિમુક્તિ જૂઠ અને હિંસા માણસને બંધનમાં ઝઘડે છે એ બંનેને કેળવણીમાં કોઈ સ્થાન ન હોય. કોઈ ધર્મનું એવું નથી શીખવતો કે બચ્ચાને જૂઠાણાની અને હિંસાની કેળવણી આપો. વળી સાચી કેળવણી દરેકની થોડા લાખ શહેરો એનો માટેની ગામડાના કરોડો રહેવાસીઓ માટે તે ઉપયોગી હોવી જોઈએ એવી કેળવણી ચોપડીઓના ખાલી ઠોઠામાં થોડી જ મળે છે. વળી વાડાબંધી કરનારા સંપ્રદાયો સાથે

પણ એને કંઈક સંબંધ નથી. નવી તાલીમ ધર્મના તે વિશ્વ વ્યાપી અને વિશ્વ માન્ય સિદ્ધાંતોની કેળવણી આપે છે. જેમાંથી બધાએ સાંપ્રદાયિક ધર્મો નીકળ્યા છે. આવી કેળવણી જીવનના ગ્રંથમાંથી જ મળે એને સારું કોઈ ખર્ચ કરવાનો નથી હોતો અને કોઈ શક્તિ એને છીનવી લઈ શકતી નથી.

પાયાની કેળવણીના પાયા વિચારી જઈએ

1 બધી કેળવણી સ્વાસ્થય હોવી જોઈએ એટલે કે સરવાળે મૂડી બાદ કરતાં વધુ ખર્ચ પોતે ઉપાડે.

2 આ કેળવણી માં હાથનું પૂરો ઉપયોગ થતો હોય એટલે કે હાથ વડે કંઈક ઉદ્ધમ છેવટ લગી થતો હોય.

3 કેળવણી માત્ર પોતાના પ્રાંતની ભાષામાં આપવી જોઈએ.

4. આ કેળવણી એવી છે કે જેને બાળકે બીજા શીખી એટલે તે વિદ્યાર્થીના ઘરમાં અને ગામમાં પ્રવેશ કરે.

5. આમાં સાંપ્રદાયિક ધર્મને સ્થાન નથી સાર્વજનિક નીતિને પણ પૂરું સ્થાન હોય.

6. આ કેળવણી લેતા કરોડો વિદ્યાર્થીઓ પોતાને હિન્દુસ્તાન નું અવિભાજ્ય અંગ ગણશે તેથી બધા પ્રાંતના વિદ્યાર્થી સમજી શકે એવી એક ભાષા હોવી જોઈએ આ ભાષા બંને લિપિ નાગરિક અને ઉર્દુ માં લખાતી હિન્દુસ્તાનની જ હોઈ શકે.

2. <u>બાળ કેળવણી</u>

બાળ કેળવણીની શરૂઆત અક્ષર જ્ઞાન થી નહીં પણ સ્વચ્છતા નું કેળવણીમાં થવો જોઈએ. બાળકનું શિક્ષક બાળકને કક્કો ગોઠવાની ઉતાવળ નહીં કરે. પણ એને પોતાના હાથ, પગ, નખ, આંખ, દાંત વગેરેને સ્વચ્છ રાખતાં શીખવશે. તેને કપડાં ધોતા તથા રૂમાલથી નાક વગેરે લુચતા શીખવશે. ત્યારબાદ એ બાળકની પાસે તકલી અને રેડિયો મૂકી દેશે અને કાંતણ સુધીની સર્વે ક્રિયા ઓ ધીરજથી બતાવશે અને તેમાં એનો હાથ બેસાડશે. વળી લખતા વાંચતા ન આવડે ત્યાં સુધી એને અજ્ઞાન નહીં રાખે પણ વાર્તાઓ દ્વારા ઇતિહાસ ભૂગોળ નું જ્ઞાન આપશે. કથાઓ અને ભજનો દ્વારા ધર્મનું જ્ઞાન આપશે. પ્રત્યક્ષ અવલોકનથી પદાર્થ વિજ્ઞાનનું વનસ્પતિનું અને ભૂમિ તથા આકાશનું જ્ઞાન આપશે. પ્રત્યક્ષ પદાર્થોથી ગણિતનો ખ્યાલ આપશે. અને એ રીતે લખતા આવડે તે પહેલા એને ગુજરાતી ત્રણ વાર ચોપડી જેટલું જ્ઞાન આપી દીધું હશે. વળી અક્ષર લખાવતા પહેલા એ એને ચિત્રો અને મરોડો કાઢતા તથા પોતાના વિચારને ચિત્ર દ્વારા રજુ કરતા શીખવશે. અનેક ભજનો શ્લોકો કવિતાઓ મોઢે કરવી એ એની ઉચ્ચાર શુદ્ધિ કરાવશે. અને નાના પ્રકારનું સાહિત્ય એને કંઠે કરાવશે પછી એ એને સુંદર મરોડ વાળા અને સ્પષ્ટ વાંચી શકાય એવા અક્ષર કાઢતા શીખવશે. આમ અક્ષર લખાવવામાં કરેલી ઢબ થી બાળકને નુકસાન નથી થયું પણ એની શક્તિ વધી છે એમ અનુભવ થશે.

3. <u>અક્ષર જ્ઞાન કેળવણી</u>

અક્ષર જ્ઞાન કેળવણી તામિલ ગુજરાતી ઉર્દુ મરાઠી વગેરે ભાષાઓમાં આપવું જોઈએ. કેળવણી પ્રત્યેકને તેની માતૃભાષામાં આપવાનો આગ્રહ રાખવો જોઈએ. જેથી બાળક સારી રીતે ગ્રહણ કરી શકે. ગુજરાતી હિન્દુ બાળકોને કંઈક સંસ્કૃત અને હિન્દી ભાષાનો પરિચય કરાવો

જોઈએ. ઇતિહાસ' ભૂગોળ 'અંક ગણિત વિજ્ઞાન' વ્યાકરણ આ બધા શિક્ષણ શીખવાડવું જોઈએ. વિદ્યાર્થીઓને સંતોષ પ્રાપ્ત શિક્ષણ મેળવી શકે તે માટે જુદી જુદી ઉંમર અને જુદા જુદા વિષયોનું અલગ અલગ વિભાગ પાડીને ટેકનોલોજી સાથેનું શિક્ષણ આપવું જોઈએ. વિદ્યાર્થીને પાઠ્યપુસ્તક ઉપરાંત મુખેથી શીખેલું તેનું સ્મરણ કરીને શિક્ષણ આપવું જોઈએ. જેથી વિદ્યાર્થી પાંચ ઇન્દ્રિયો દ્વારા સારી રીતે શિક્ષણને ગ્રહણ કરી શકે. અને તે લાંબો સમય સુધી યાદ રાખી શકે. આમ ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપવાથી વાંચવામાં વિદ્યાર્થીને કંટાળો આવશે નહીં. અને થાક પણ નહીં લાગે. અને વિદ્યાર્થીને ખુબજ રસપ્રદ શિક્ષણ આપવામાં આવશે તો એ સાંભળીને સરસ રીતે પોતાના વિચારોને પણ પ્રગટ કરી શકશે. તેની સાથે સાથે પ્રશ્નોત્તરી કરીને કોયડા નો ઉકેલ આપીને પણ વિદ્યાર્થીઓનું શિક્ષણ આપવું જોઈએ. જેથી વિદ્યાર્થી સારી રીતે શિક્ષણને ગ્રહણ કરી અને તેનું માપન કરી શકે.

4. <u>રાષ્ટ્રીય કેળવણી</u>

રાષ્ટ્રીય ભાવનાઓ નો વિકાસ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના ની કેળવણીની ચીંધે છે. રાષ્ટ્રીય એકતા વ્યક્તિની ભાવનાઓ કેળવીને સંગઠનમાં શ્રદ્ધા ધરાવે છે. બલિદાન કે સંસ્કૃતિનો વિકાસ રાષ્ટ્રીય ભાવના નું કે દેશ દાજ નું સર્વોચ્ચ સોપાન કે લાગણી બલિદાન છે. રાષ્ટ્ર માટે કુરબાની આપવાની ભાવના એ રાષ્ટ્રીય સર્વોચ્ચ ભાવના છે. સહિષ્ણુતા કેળવી અન્ય વ્યક્તિ પ્રત્યે ઝઘડા નું નિવારણ કરવું તે એક સેતુ છે. સંઘ ભાવના નું વિકાસ તેનું મુખ્ય હેતુ છે. જે વિદ્યાર્થી અભ્યાસ દ્વારા શીખી મૈત્રી ભાવના દરેક વ્યક્તિ સાથે સહ હૃદયભાવના કેળવું મિત્રતા કેળવી અને સંપથી રહેવું તેવી ભાવના વિદ્યાર્થીઓમાં ઊભી કરવી એ બંધુત્વના વિકાસનો હેતુ છે. દેશદાઝ દેશ મારો છે આ દેશની સંપત્તિ મારી છે દેશથી હું જુદો નથી દેશને થતું નુકસાન મારું છે તેવી દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના બાળકોમાં ઉત્પન્ન કરવી દેશ માટે સમર્પણ ભાવના નું જાગૃતિનું હેતુ છે સંસ્કૃતિ તથા ઇતિહાસની સમજ સંવર્ધન જાણકારી સંસ્કૃત ની જાળવણી સાથે ઇતિહાસ શહીદો સમર્પણું દેશની નવી પેઢી સમક્ષ મૂકવી જાહેર રીતોની જાળવણીની ફરજ વિકસાવવી જેમાં સંસ્કૃતિ ઇતિહાસ સમાજ જેવા તમામ બાબતોની સમજ કેળવી તેનું સંવર્ધન કરવું સાંસ્કૃતિક ગત ખ્યાલોનો વિકાસ કરવો.

5. <u>આત્મિક કેળવણી</u>

વિદ્યાર્થીઓના શરીર અને મનને કેળવવા કરતાં આત્માને કેળવવામાં બહુ પરિશ્રમ કરવો જોઈએ. આત્માને વિકસાવવા ધાર્મિક પુસ્તકોનું જ્ઞાન આપવું જોઈએ. જેથી તે ધર્મના મૂળભૂત તત્વોને જાણી શકે. સ્ટોલ સ્ટોરીના મતે આત્માનો વિકાસ કરવો એટલે કે ચરિત્ર ઘડવું. ઈશ્વર જ્ઞાન મેળવવું આત્મજ્ઞાન મેળવો આ જ્ઞાન બાળકોને મેળો ખૂબ જ જરૂરી છે તેના વિનાનું જ્ઞાન વ્યર્થ છે હાનિકારક છે.

આત્મિક જ્ઞાન બાળકોને ભજન ગવડાવવા નીતિના પુસ્તકો વાંચી સાંભળવાથી પ્રાપ્ત થાય છે. અમુક જ્ઞાન પુસ્તકો વડે જ નહીં પરંતુ પ્રસંગો દ્વારા પણ આપવું જોઈએ. શરીરની કેળવણી શરીરની

કસરત આપવાથી બુદ્ધિની કસરતથી આત્માની કસરતથી શિક્ષણ શિક્ષકના વર્તનથી પણ આપી શકાય શિષ્યોને સંયમતા નું શિક્ષણ આપવું જોઈએ. વિદ્યાર્થી જૂઠું બોલે કોઈને ગણકારે નહીં બીજાઓથી સાથે લડે તોફાન કરે તે વિદ્યાર્થીને દંડ ન દેતા તેને પ્રેમથી સાચી દિશામાં રોપવામાં આવે તો આત્મિક કેળવણી સફળ બને છે. આમ સાંપ્રત સમયમાં આત્મિક જ્ઞાન આપવાનો પ્રયત્ન કરવામાં આવે તો વિદ્યાર્થી પોતે જ પોતાના આત્માના ગુણ એ વધારે સમજી શકશે.

6. <u>જાતીય કેળવણી</u>

આપણા સમાજમાં સ્ત્રીને હલકી ગણવાની જે પ્રથા પડેલી છે તે દૂર કરવી જોઈએ. જન્મ ઈશ્વરના હાથમાં છે સ્ત્રી કે પુરુષ કોઈપણ પછી એક પુરુષને ચડિયાતો સાબિત કરવા માટે બીજાને નીચા કેમ દર્શાવવા એવું સવાલ મહાત્મા ગાંધીજીએ વખોતો વખત કર્યો છે. તેઓ કહેતા સંસ્કૃત સાહિત્યના વચનો વિશે તો એવો વહેમ બેસી ગયેલો જોવામાં આવે છે સંસ્કૃતમાં લખાયેલા શ્લોક જાણે શાસ્ત્ર કથન જ હોય નહીં.

સંસ્કૃતના એક વાક્યનો સ્ત્રી સ્વાતંત્ર્ય મહત્તી એટલે સ્ત્રી સ્વાતંત્ર્યને યોગ્ય નથી એ સૂત્ર મહાત્મા ગાંધીજીને શાસ્ત્ર સંબંધ લાગતું. સમાજ જીવનની સ્ત્રી પુરુષની સમાનતા નું તર્કબદ્ધ બાબત છે જ્યારે સમાજના મુખ્ય ચાલક બળ તરીકે સ્ત્રી અને પુરુષમાં સ્ત્રી ને નિમ્ન દર્શાવીને પુરુષને વધુ ઉચ્ચ બતાવવાનું કે બતાવવાના પ્રયત્નો તેમણે હંમેશા યોગ્ય લાગ્યા ન હતા. ગોસ્વામી તુલસીદાસ ને હું પૂછું તે કહેતા કે પરંતુ તુલસીદાસજીના ઢોર ગવાર શુદ્ધ અરુનારીએ કે અધિકારી એ દુહા સંદર્ભે તેમણે કહ્યું હતું કે મારી પુંજા આંધળી નથી કાં તો હું દુહોશ છુ. અને જો તુલસીદાસનો જ હોય તો તેમણે વગર વિચારે પ્રચલિત રુઢીને અનુસરીને કાઢેલો હોવો જોઈએ. આ વહેમ દૂર કરીને આપણા સ્ત્રી ને હલકી ગણવાના જે પ્રથા પડેલી છે તેને જળ મૂળમાંથી ઉખેડવી જોઈએ. સ્ત્રીની હલકી ગણવાની જે પ્રથા આપણામાં પડેલી છે તેને દૂર કરવા ઉપરાંત ગાંધીજી કહે છે કે બીજી તરફ આપણામાંના કેટલાક સ્ત્રીને ઢીંગલી કે દેવી ગણીને તેની પૂજા કરે છે અને જેમ ઠાકોરજીને આપણે નવા આભૂષણોથી શણગારીએ છીએ તેમ શણગાર છે. આ પૂજા દોષમાં પણ નીકળવું જ પૂજા દોષ માંથી પણ નીકળી જવું એ જરૂરી છે. સિંહ જાતિની અવનીતિને દૂર કરવામાં મહાભગીરથ પ્રયત્ન તો હિન્દુ ધર્મના શાસ્ત્રોમાં સ્ત્રી વિશે રહેલા આક્ષેપો દૂર કરવાનું છે. એ પ્રયત્નો કોણ કરે? અને કેમ થઈ શકે? એવા પ્રશ્નો સાથે ઉત્તર દર્શાવતા તેઓ કહે છે કે એ પ્રયત્ન કરવા સારું આપણી સીતા દમયંતી દ્રૌપદીના જેવી પવિત્રતા વાળી સંયમમી સ્ત્રીઓ પેદા કરવી પડશે એ વેળાએ આ હિન્દુ સદીઓને પૂજનારામ હિન્દુ સંસાર આધુનિક સતીઓને પણ પૂજાશે. તેઓના વચ્ચેનું શાસ્ત્ર પ્રમાણ જેવા ગણી હિન્દુ સંસાર જીલી લેશે. અને સ્મૃતિ આધીન રહેલા કટાક્ષોથી આપણે લાજીશું અને તેને ભૂલી જઈશું ગાંધી કોઈ પણ વિષય ઉપર જ્યારે જરૂર પડી ત્યારે બોલ્યા છે કોઈપણ બાબત ઉપર જાહેર ચર્ચા કરવાથી પોતાની જાત કે પોતાની

વાતને તેમણે છેદી રાખી નથી. સ્ત્રીઓના માસિક ધર્મ વિશે પણ તેમણે કહ્યું છે કે ઋતુ પ્રાપ્તિએ સ્ત્રીઓને સારું માસિક આવે છે એ વખતે દર્દીને અત્યંત શાંતિની આવશ્યકતા છે માસિક ધર્મને વખતે કોઈ નિયત કામ ન સોંપાય એમ લાગે છે ખરું. સ્ત્રીને આ સમયમાં દુઃખ ભરાઈ જણાઈ તે તેના વગર કોઈ કળી ન શકે. આ સમયમાં સ્ત્રીની ઉપર કશોજ પ્રકારનો બોજ ન હોય એ ઇસ્ટ છે. આ સમયગાળામાં સ્ત્રી ને જવાબદારી માત્ર માંથી મુક્ત રાખવી ઘટે. તેને સુઇ રહેવું હોય તો સુવાની છૂટ આપવી જોઈએ. પણ સમાજમાં કેટલી સ્ત્રીઓ તે સમયમાં પણ દોડધામ છોડતી નથી અને તે જ્ઞાન હીન છે તેને સમજ આપવી જરૂરી છે બેઠા બેઠા અલ્પ પ્રયાસથી થઈ શકે એવા અનેક પ્રકારના ઘરકામ તેઓ માત્ર કલ્પી શકાય. જે રજસવલા સ્ત્રી સુખેથી કામ કરી શકે. ગાંધીજી કહે છે માસિક ધર્મનું સંપૂર્ણ જ્ઞાન ઉંમરે પહોંચેલી બાળાને આપવું તેથી નાની બાળા તે જાણે ને પ્રશ્નો પૂછે તેટલું સમજી શકાય.

7. <u>ધાર્મિક કેળવણી</u>

ધાર્મિક શિક્ષણનો વિચાર કરીએ તો આચારની કેળવણી બાદ પતિ પત્ની વચ્ચે ધર્મના મૂળ સિદ્ધાંતોમાં જ મતભેદ હોય એવું ક્યારેક જ બને છે. ઇંગ્લેન્ડ માટે બોલીને લખવું પડ્યું જ કે હાલ પુરુષો કરતાં સ્ત્રી વધારે પરિપક્વ બુદ્ધિશાળી અને ખરી તુલના શક્તિ વાળી હોવાના બહુ ઓછા સંભવ છે. જ્યાં સુધી તેઓને ઉત્કૃષ્ટ પ્રકારના સાહિત્ય અને વિજ્ઞાનનું જ્ઞાન મેળવવાના પુરુષો કરતાં બહુ ઓછા સાધન છે અને એથી પણ વધારે મહત્વની વાત એ છે કે જ્યાં સુધી તેમને એવી સાર્વજનિક પ્રવૃત્તિમાંથી સમાજ દૂર રાખે છે કે જે પ્રવૃત્તિ જ પુરુષોની વિવેક શક્તિ સુંદર રીતે ઘડાય છે અને પોતાના નિશ્ચય પાકી રીતે ઘડવાની જવાબદારી તેમનામાં વધે છે ત્યાં સુધી સ્ત્રીઓ છે એવી ને એવી જ રહેવાની.

આપણા દેશમાં ધાર્મિક સિદ્ધાંતોને સ્વતંત્રપણે વિચાર કરનારી સ્ત્રી મળી શકે છે ઘણું ખરું પતિના મતોને સ્વીકારવાની સ્ત્રીઓને પોતાની ફરજ સમજે છે. અથવા એમ કહું કે સાસરે આવે ત્યાં સુધી સ્ત્રી એ ધર્મના સ્વતંત્ર સિદ્ધાંત કાયમ માટે બાંધી લીધેલા નથી હોતા. અને તેથી સાસરીયા જેવા વિચાર એને આપે તેવા તે ઉપાડી લે છે. બહુ બહુ તો કેટલાક જૂના રિવાજો વળગી રહેવા એ આગ્રહ બતાવે છે. અને જો તેની ઉંમર ઘણી વધી ગઈ ન હોય અને તેમને સરહદય પતિ એની સાથે ધીરેથી કામ લેતો ધીમે ધીમે એને પોતાના વિચારો તરફ વાળી શકે છે. એમ ન કરી શકે તો એ બાળકોને પોતાના ધર્મ મત પ્રમાણે જ કેળવવાનો આગ્રહ રાખનાર પત્ની હિન્દુ સમાજમાં ભાગ્ય જોવામાં આવશે. કદાચ એવી વિરલ સ્ત્રી નીકળે કે જેણે ધર્મ વિશે સ્વતંત્ર વિચાર કર્યો હોય અને વિચારપૂર્વક અમુકમતોને પોષ્યા હોય તો ત્યાં ઘણું ખરું એમ પણ હોવાનો સંભવ છે. એનો પતિ કાંતો ધાર્મિક સિદ્ધાંતો વિશે ઉદાસીન હશે અથવા પત્નીએ પોતાના ચરિત્ર અને બુદ્ધિથી પતિને એટલો અનુકૂળ કરી લીધો હશે કે બાળકને કેવા પ્રકારના મતનું શિક્ષણ આપવું એ પ્રશ્નોની ચર્ચા ઉત્પન થવાનો પ્રસંગ જ ન આવે. છતાં કોઈ જગ્યાએ એવી સ્થિતિ ઊભી થાય કે માતા અને પિતાના

ધાર્મિક સંસ્કારો એકબીજાથી અતિશય જુદા હોય. દાખલા તરીકે માતા અનેક દેવો બાધાઓ ખંડીને વગેરેને દ્રઢ પણે વળગારનારી અને પિતા ચુસ્ત આર્ય સમાજ જે પણ પત્ની સાથે ઝઘડનારો નહીં હોય. અથવા તો જ્યાં ધરમંતર ના લગ્ન થયા હોય અને બાળકના ધાર્મિક શિક્ષણનો પ્રશ્નો ઉત્પન્ન થાય તો તેમને તેમ મને લાગે છે કે બાળક પોતાની રુચિ બતાવી શકે ત્યાં સુધી સમજુ માતા પિતાએ બંને બાળક પોતાના જ મત ઉછળે એવો આગ્રહ રાખ્યા વગર પોત પોતાના ધાર્મિક મતોના ઘડીને તે રીતે સમજાવવા નો પ્રયત્ન કરવો જોઈએ. નહીં પાડવાનું પ્રયત્ન કેવળ નીતિ અને શ્રદ્ધાચારના નિયમો જ હોવા જોઈએ. મા - બાપ પોતાના ધાર્મિક વિધિ અને માન્યતા પ્રમાણે જીવનગાળતા હોય તો તે બંનેનું નિરીક્ષણ કરતા કરતા બાળકનું માનસ જે બાજુ ઢળે તે બાજુ સારું લાગે તે પ્રમાણે તેને શિક્ષણ આપવું જોઈએ.

બાળકના ધાર્મિક શિક્ષણની બાબતમાં મોલીની બીજી સૂચના પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે તેમ તમે જે સિદ્ધાંતો ખોટા માનતા હોય તો તેવા સિદ્ધાંતોની અસર બાળકના મગજ ઉપર જાણી બુઝીને અને વ્યવસ્થાપૂર્વક દર્શાવવાનું કોઈ પણ કારણે બચાવ થઈ શકે તેમ નથી તેથી તેમ કરવું તમારા દુશ્મનો ના ખેતરમાં કાંટા વાવ્યા બરાબર નહીં પણ તમારા સૌથી અધિક મૂલ્યના અધિક આશા આપનારા ક્ષેત્રમાં કાંટા વાવ્યા બરાબર છે ખરો રસ્તો એ છે કે આ બાબતો વિશે તમને તમારા મનમાં જે સત્ય લાગતું હોય તે જ લેસ માત્ર સંકોચ અતિશક્તિ આવેશ અને અતિ વિસ્ત્રાવીના તેમને કહેવું ધાર્મિક સિવાય બીજા શિક્ષણની બાબતમાં મૂળ સિદ્ધાંતો ઉપર કહ્યું તેવું લાગે છે. આ બધા પ્રશ્નો એક બાજુએ સિદ્ધાંત અને બીજી બાજુએ રૂઢિજ છે.

૪. <u>વ્યવહારિક શિક્ષણ</u>

વ્યવહારિક શિક્ષણ એટલે કે એવું શિક્ષણ જેમાં આર્થિક લાભની આશા રહેલી હોય છે. આમાં સિદ્ધાંતવાદીના માર્ગમાં કઠણ જોવાનું એને સમજાવટ દ્વારા સામાન્ય ભાવનાને ફેરવી પોતાનો માર્ગ કાઢવો રહ્યું. એમાં જબરજસ્તી કે પરાણે કરાવવાનો પ્રયત્ન નિષ્ફળ જાય છે એટલું જ નહીં પણ સિદ્ધાંત પ્રત્યે પ્રત્યાઘાત ઉપજાની વ્યાજ સાથે સિદ્ધાંત ભંગ કરનારી વૃતિ પણ ઉપજાવનારા તે થાય છે. બળો ઉપર નવા વિચારો અને નવા સંસ્કારોની અસર થાય નહીં અને એ તો જન્મથી જ સંસ્કારો જ લાવ્યું હોય તેને જ ખીલવે એક છોડ એક છેડાની ભૂલ છે બાળક જન્મથી જ કસાઈ રોડ સંસ્કારો કે સ્વભાવ વિનાનું જ હોય છે અને વડીલોએ એને જેમ ઘડે તેમ ઘડી શકાય છે એ માન્યતા બીજા છેડા ની ભૂલ છે કેટલાક બાળકોની વૃતિઓ જન્મથી જ સ્પષ્ટપણે ઘડાયેલી હોય છે. કેટલાકની એ થોડી ઘણી જ ઘડાયેલી હોય છે. જે બાળકને શિક્ષણથી ઘડી શકાય તે આ બીજા પ્રકારના બાળકો તેમના ઉપર નવા વિચારો સંસ્કારોની અસર થાય છે અને તેમને બીબામાં ઢાળી શકાય છે તે સાથે એ પણ ખરું એ બાળકોમાં ભાવનાઓનું બળ અને તેમનું જોશ પહેલા પ્રકારના બાળકો કરતાં ઓછું હોય છે. અને એમના જુના બીબામાં ગાળો કે નવામાં ઢાળું એ બંનેને તે સામાન્ય કોટીમાં જ રહેલ રહે છે. આથી આવા

બાળકોના વિચારમાં નવા સિદ્ધાંતો સ્વીકારી અને પૂજે છતાં આચારમાં તો અહીં ક્લાપ થતો હોય તેવા જ માર્ગને વળગે છે. પહેલા પ્રકારના બાળકો એટલે કે જન્મથી જ તેની ભાવનાઓ અને મૃત્યુમાં બળવાન હોય છે. તેમને સિદ્ધાંત પ્રત્યે કે સામા પક્ષ પ્રત્યેની રુચિ ગણી નાની ઉંમરથી જ સ્પષ્ટપણે માલુમ પડી આવે છે. એમની બુદ્ધિ અને ભાવના એક જ પક્ષને સમજી શકે છે. અને કોઈપણ દલિતથી એમને બીજા પક્ષ પર ભાવનાથી ઉપજી શકાતો. આમ બાળકની રુચિ સ્પષ્ટ દર્શન થાય ને ત્યાં સુધી તે નિર્ણય તેમને દૃઢપણે વળગી રહેવું જોઈએ. કારણ કે થોડા દિવસ એ દ્રષ્ટિ નું શિક્ષણ અને થોડા દિવસ બીજી દ્રષ્ટિ નું શિક્ષણ એ બાળકને અત્યંત હાનિકારક છે એ ખ્યાલમાં રાખવું જોઈએ. જો બંનેને સંતોષ થાય અને બાળક કશું નુકશાન થયા વિના પોતાની પસંદગીનું કરવાનું છેવટે બને આવે એવું શિક્ષણ યોજી શકાય તો ઉત્તમ સિદ્ધાંત સાથે કાંઈ પણ બંધ છોડ કર્યા વિના એ થઈ શકે એવો સંભવ નથી. એટલે અંશે પોતાના સિદ્ધાંત વિરુદ્ધ બાળકનું શિક્ષણ થતું હશે તેટલે અંશે સિદ્ધાંત પક્ષે માવતરને તેમાં રસ લેવો કઠણ થવાનું એ દેખીતું છે પણ એ માવતર સમજે કે બાળક અમુક બાહ્ય ઢાળમાં કેળવાય તેના કરતાં એની સિદ્ધાંત પ્રત્યેની ભાવના પોષાય એ વધારે મહત્વનું છે. કારણ કે સિધ્ધાંત માટે પ્રેમ બળવાન થશે તો બાળક ખોટા ગાળામાંથી પણ બળ કરીને નીકળી જ આવશે.

9. <u>ગ્રામીકની કેળવણી</u>

ગામડાના મોટી ઉંમરના સર્વે માણસો અક્ષરજ્ઞાન મેળવે તો જ એ કેળવણી લઈ શકે એ વહેમ છોડી દેવાની જરૂર છે. જેમાંના શક્તિ અને ઉત્સાહ હોય તેઓને અક્ષર જ્ઞાન આપવો પ્રયત્ન કરવો ઇષ્ટ છે. તેમને ઉત્તેજન આપવું જોઈએ તથા તેમને માટે પૂરતી સગવડ પણ કરવી જોઈએ. પરંતુ ઘણા માણસોને મોટી ઉંમરે લખતા વાંચતા શીખવવામાં રસ આપવો કઠણ છે. એવા માણસોથી મોટાઓની શાળામાં અવાય જ નહીં એમ ન હોવું જોઈએ ગામડાઓનું પુસ્તક ભંડાર મર્યાદિત રહેવાનો અને ગ્રામીણકોની પુસ્તકો ખરીદવાની શક્તિ એકથી એ અલ્પ હશે. આથી થોડું ઘણું પણ વાંચતા લખતા આવડવાથી પોતાની મેળે જ્ઞાન વધારવાની બહુ શક્તિ આવી જાય છે એમનું અનુભવ નથી આથી જે ભણેલા છીએ તેઓ બીજાને વાંચીને શીખવી અને સમજાવી તથા તેમની માટે વ્યાખ્યાનો વગેરે યોજે તો ગામડાઓમાં ભણેલા ની જેટલું જ્ઞાન વધારવા ની ઉત્કલ્પના છે તેટલું વગર ભણેલા પણ પ્રાપ્ત કરી શકે. લખતા વાંચતા આવડવાથી સમાજ શક્તિમાં વધારો થાય કે એવું કાંઈ નથી એને ઘણીવાર બુદ્ધિમાન ગામડિયાઓ સાંભળીને જ જ્ઞાન મેળવી છે. તે ભણેલા કરતા વધારે હોય છે. જ્ઞાનનું મૂળ જરૂર પુસ્તકોમાં નથી. પણ અવલોકન અનુભવ અને વિચાર શક્તિમાં છે એ ભૂલી જવાથી આપણે પુસ્તકના જ્ઞાન પર વધારે ભાર મૂકી દઈએ છીએ.

૧૦. <u>સાપ્રંત સમયમાં કેળવણી ધ્યેય</u>

સાંપ્રત સમયમાં નવી શિક્ષણ નીતિ અનુસાર શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સુધારો કરવામાં

આવ્યો છે જેમાં પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણનો અધયન નો પાયો મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન અધ્યયનતાની અને આવશ્યક પૂર્વ શરતો ડ્રોપ આઉટ દર ઘટાડવા અને તમામ સ્તરે શિક્ષણનું સાર્વત્રિકરણ સુનિશ્ચિત કરવું. શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપન શાસ્ત્ર અધ્યયન સર્વાંગી અનુ બંધિત આનંદપ્રધ અને પ્રવૃત્તિમય શિક્ષણ હોવું જોઈએ શિક્ષકોને તાલીમ આપવી જોઈએ. સમાન અને સર્વ સમાવેશક શિક્ષણ સર્વ ઉપલબ્ધ અભિયાન શાળા સંકુલ જૂથની સહાયથી કાર્યક્ષમ પ્રશાસન અને અસરકારક રીતે સંશોધનો પુરા પાડવાની પ્રક્રિયા કરવી જોઈએ. શાળા શિક્ષણ માટે ધારા ધોરણ અને પ્રમાણિકરણ હોવું જોઈએ. ત્રણ થી છ વર્ષની વયના દરેક બાળકને 2025 સુધીમાં મફત સલામત યુક્ત યોગ્ય સંભાળ અને શિક્ષણ મેળવી શકે શાળા શિક્ષણ પ્રણાલી અસરકારક નિયમન અને શૈક્ષણિક પરિણામો સતત સુધારા માટે ગુણવત્તા અને વિવિધતાને પ્રોત્સાહન આપવામાં આવે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ધોરણ પાંચ સુધી માતૃભાષાના માધ્યમથી જ અભ્યાસ કરવામાં આવશે જેનો શાળાઓ ધોરણ આઠ સુધી અમલ કરી શકશે. ધોરણ ત્રણ થી પાંચમાં સંસ્કૃત વિષય શીખવાડવામાં આવશે. ધોરણ નવ થી 10 અને ધોરણ 11 થી 12 વિદ્યાર્થીઓની વિદેશી ભાષાઓનો અભ્યાસ કરવામાં આવશે.

શાળા શિક્ષણ

શાળા શિક્ષણમાં સેકન્ડરી તબક્કે ધોરણ 11 થી 12 માં શિક્ષણના અલગ અલગ પ્રવાહો જેવા કે આર્ટસ, કોમર્સ સાયન્સ સાથે સાથે મળતી ઓપ્શન ની સુવિધા મળશે. ઉદાહરણ તરીકે સાયન્સના વિષયો સાથે કોમર્સ કે આર્ટ્સના મનગમતા વિશેનો અભ્યાસ કરી શકશે આર્ટસ. કોમર્સ અને સાયન્સ ઉચ્ચ શિક્ષણ ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને બહુ પ્રવેશ બહુ નિકાસ મલ્ટી એન્ટી મલ્ટી એક્ઝિટ ની સુવિધા આપવામાં આવશે.

નાટક સ્તરમાં એક વર્ષનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને વોકેશનલ પ્રોફેશનલ સર્ટિફિકેટ આપવામાં આવશે ત્રણ થી ચાર વર્ષનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને બેચલર્સ ડિગ્રી આપવામાં આવશે દેશમાં હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઇન્ડિયા ની સ્થાપના કરવામાં આવશે દેશની મેડિકલ સિવાયની તમામ સંસ્થાઓને એક જ નિયમકારી સંસ્થા નીચે સમાવી લઈ તેનું નિયમન કરવામાં આવશે.

શિક્ષણ પ્રશિક્ષણ

શિક્ષક બનવા માટે ચાર વર્ષનું એકીકૃત બેચલર ઓફ એજ્યુકેશન પ્રોગ્રામ ની સાથે ચાલુ કરવામાં આવશે

**રાષ્ટ્રીય સંશોધન સંસ્થાન**

દેશમાં શૈક્ષણિક સંસ્થાઓમાં સંશોધન સમતા વિકસાવવા સરકાર અને ઉદ્યોગો વચ્ચે લાભદાયક જોડાણો સુનિશીત કરવા માટે આ સંસ્થાન દ્વારા દેશના સંશોધન અને નવીનીકરણ ખૂબ જ ઝડપથી પરિવર્તન આવશે.

વ્યવસાયિક શિક્ષણ

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં મિડલ અને સેકન્ડરી લેવલે તબક્કામાં વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણ આપવામાં આવશે વિદ્યાર્થીઓને રસવૃતી અનુસાર

શિક્ષણ આપવામાં આવશે કામ સુથારી કામ કુંભારી કામ, બાગાયત, સોફ્ટવેર, ડેવલોપમેન્ટ વ્યવસાયો જેવા કે કૃષિ શિક્ષણ, આર્ટ ડિઝાઇન, ગ્લાસ ડિઝાઇન વર્ક વગેરે જેવા વ્યવસાય ને લગતું શિક્ષણ ઇન્ટરશીપ કાર્યક્રમ દ્વારા શીખવવામાં આવશે.

૧૧. મૂલ્યાંકન

રાષ્ટ્ર એક જીવંત એકમ છે તેના મૂળ તત્વો છે નિશ્ચિત ભૂમિ ખંડ તેના પર નિવાસ કરનારા સમુદાય હજારો વર્ષોની તપસ્યા અનેક પ્રયોગોને આધારે વિકસિત જીવન જીવવાની કળા અર્થાત સંસ્કૃતિ વૈભવ તથા પરાજયથી ગ્રંથિત ગાથા જેને આપણે ઇતિહાસ કહીએ છીએ સુખ દુઃખની સમાન અનુભૂતિઓ તથા શત્રુ મિત્રની સમાન સ્મૃતિઓ ભારતના ચિંતકો તથા મહાપુરુષોના અન્ય માનવ સમુદાયથી જુદા અહીંયા એક સાંસ્કૃતિક જીવન પ્રગટ કરીને દેશવાસીઓને અનેકતામાં એકતા ના દર્શન કરાવ્યા છે અને ત્યારથી રાષ્ટ્રનીતિ અખંડરૂપી પ્રવાહી થાય છે રાષ્ટ્રની એકતા આજે ખંડિત થઈ રહી છે કારણ કે રાષ્ટ્રના મૂળ તત્વો એકબીજાથી જુદા થઈ રહ્યા છે સાંપ્રદાયિકતા જાતિવાદ પ્રદેશ વાદ ભાષા મિથ્યાભિમાન અસમાનતા નિરક્ષકતા કુરિવાજો ધાર્મિક જ્નન તથા પક્ષીઓ રાજનીતિએ આજે દેશની એકતાની ભયાનક સમસ્યાઓના રૂપમાં આપણી સામે ઉપસ્થિત કરી છે રાષ્ટ્રીય એકતા ને અવરોધક તત્વોની દૂર કરવામાં જ્યાં સુધી આપણે દેશની ઈચ્છા શક્તિ પ્રગટ નથી કરતા ત્યાં સુધી દેશની એકતા ભવ્યતાનું સ્વપ્ન શાખા થઈ શકશે નહીં. વિવિધ જૈનો કહ્યું હતું કે શિક્ષણમાં રાજનીતિ નહીં પણ રાજનીતિમાં શિક્ષણ જોઈએ? શું આપણે આ વાક્યને દેશની એકતા તથા અખંડિતતા માટે રાજનીતિના પથ પર પ્રદર્શક રૂપમાં અને સાંસ્કૃતિક સાંચાર્યને પ્રોત્સાહન આપવાના મૂળ ઉદ્દેશને પૂરું કરવા માટે શિક્ષણ સંવર્તી યાદીમાં હોવા છતાં પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે અસમર્થ રહી રહ્યું છે માટે રાષ્ટ્રીય એકતાના કાર્યક્રમને ખૂબ શાંતિ સંતુલન તથા પ્રમાણિકતાથી લેવા જરૂરી છે. તેના પરિણામ તુરંત દેખાશે નહીં હૃદય પરિવર્તનની પ્રક્રિયા ધીરેથી પ્રારંભ થાય છે અને દ્રઢ થાય છે ડૉક્ટર રાધાકૃષ્ણના શબ્દોમાં કહીએ તો એકતા રાષ્ટ્રીય એકતા ના ભવન નું નિર્માણ ઇટ અને માટી કે પાવડા અને કસ્સી થી નહીં થાય આ પ્રક્રિયા ધીમે ધીમે મનુષ્યના હૃદયમાં પ્રવેશ કરશે તેના માટેનું જો ગુણકારી કોઈ માર્ગ હોય તો તે શિક્ષણ જ છે જે તથા સ્થાયી શિક્ષણ જ્યાં એક બાજુ શાશ્વત જીવનનું મૂલ્યનું વિતરણ કરે છે. ત્યાં બીજી તરફ સાંપ્રત સમસ્યાઓનું હલ પણ કરે છે શિક્ષણથી આજે એ અપેક્ષા છે કે રાષ્ટ્રની ભાવાત્મક એકતાના સૂત્રોનેટ કરવામાં પ્રભાવિત ભૂમિકા નિભાવે. પ્રસ્તુત શોધપત્રમાં રાષ્ટ્રીય એકતા માટે કેળવણીની આવશ્યકતાકઈ કઈ દિશા તરફ વધી રહી છે શા માટે આવશ્યક છે આ વિશે વિચાર કરવામાં આવ્યો છે.'

સંદર્ભ સૂચી

૧. શૈક્ષણિક ત્રિમાસિક –સંસ્કાર દીપિકા જુલાઈ ૨૦૨૦-અંક-૫

૨. શાહ દીપિકા – શૈક્ષણિકસ સંશોધન – અમદાવાદ- યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ

૩. હરી પ્રસાદ વ્યાસ ગ્રામસ્વરાજ – નવજીવન પ્રકાશન –પેજ૭૭

૪. કિશોરલાલ ઘ મશરૂવાળા-સત્યમય જીવન- નવજીવન પ્રકાશન –પેજ-૧૪૦

૫. રાજેન્દ્ર જાની -ગાંધી વિચાર –પેજ-૮૧

૭. ગાંધીજીના સત્યના પ્રયોગ -૨૦૧૧- પેજ-૨૭૮

૮. ડો. રાજેશ્વરી એમ પટેલ –ગાંધીજીનું ધર્મ દર્શન-ગર્ગ પબ્લીકેશન –પેજ-૧૦૯